Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ડબલ એન્ટ્રી (Winter Session) મુજબ પ્રવેશ જાહેરાત
## ( શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ – વીન્ટર સેશન)

ધોરણ–૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન કોલેજોમાં પ્રથમ વર્ષ B.Com., B.B.A. B.Sc. તથા B.C.A. અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર તારીખ ૨૪/૧૧/૨૦૨૧ થી તારીખ ૨૫/૧૨/૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.
પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશ ની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું. પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂા. ૨૦૦ (Non-Refundable) તથા ટોકન ફી રૂા. ૮૦૦ (Refundable) એમ કુલ રૂા. ૧૦૦૦ નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડથી અથવા યુ.પી.આઈ. થી જ ભરવાની રહેશે, અન્ય કોઈ પણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ માં જ પોતાની માર્કશીટ ની પી.ડી.એફ. કોપી તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે. SC, ST, SEBC, EWS (આર્થિક રીત પછાત) PH (દિવ્યાંગ), વગેરે કેટેગરીના વિદ્યાર્થીઓએ સંબધિત પ્રમાણપત્રો પણ ઓનલાઈન ફોર્મ માં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થી ડેસ્ટોપ કોમ્પ્યુટર,લેપટોપ અથવા મોબાઈલ થી પોતે જ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતા પોતે જ પોતાનું ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂા. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્ય વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોકયુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પ સેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહી. ઓનલાઈન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઈન નંબર ૦૨૬૧–૨૩૮૮૮૮૮ પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન રહેશે. વિદ્યાર્થીએ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સિટની વેબસાઈટ ચેક કરવાની રહેશે. ઓનલાઈન ફોર્મમાં વિદ્યાર્થીએ કઈ કોલેજમાં પ્રવેશ મેળવવો છે તેની પસંદગી હાલ ઉપલબ્ધ નથી જે કોલેજો વીન્ટર સેશન માટે જોડાણ અરજી કરશે માત્ર તે કોલેજો ને તમામે તમામ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની મેરીટ યાદી મોકલી આપવામાં આવશે જે તે કોલેજ પોતાની કોલેજમાં મંજુર થયેલ બેઠકો પર મેરીટ યાદી માંથી મેરીટ અનુસાર રાઉન્ડ પાડીને વિદ્યાર્થીઓને બોલાવીને પ્રવેશ કાર્યવાહી કરશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબકકે રજૂ કરેલ દસ્તાવેજ (ડોકયુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઉભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

અગત્યની નોંધ :– વીંટર સેશનમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સત્ર વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨ | દ્વિતીય સત્ર – | પ્રથમ સેમેસ્ટર |
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ | પ્રથમ સત્ર – | દ્વિતીય સેમેસ્ટર |
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ | દ્વિતીય સત્ર – | ત્રીજુ સેમેસ્ટર |
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૦૨૪ | પ્રથમ સત્ર – | ચોથુ સેમેસ્ટર |
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૦૨૪ | દ્વિતીય સત્ર – | પાંચમું સેમેસ્ટર |
| શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૦૨૫ | પ્રથમ સત્ર – | છટ્ઠુ સેમેસ્ટર |

ઈ.ચા. કુલસચિવ

તા. ૨૩/૧૧/૨૦૨૧
સ્થળ : સુરત